

લંડન ઝૂમાં પ્રાણીઓના સ્વાસ્થ્ય અને સુખાકારી પર નજર રાખવા માટે વર્ષમાં એક વાર તેમનું વજન કરીને નોંધવામાં આવે છે. ઝૂના કર્મચારીઓએ વિશ્વના સૌથી મોટા ઉંદરોથી લઈને લીલામાં લીલા તીડ સુધીના દરેક પક્ષી, સરિસૃપ અને સસ્તન પ્રાણીઓને વજનના કાંટા સુધી લાવવા માટે યુક્તિઓ વાપરવી પડે છે. દરેક માપણીને ઝૂઓલોજિકલ ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમમાં ઉમેરવામાં આવે છે. પ્રાણીસંગ્રહાલયના ઘણા બધાના પ્રાણીઓને વજન કાંટા પર ચડવાની તાલીમ આપવામાં આવી છે પરંતુ કેટલાક પ્રાણીઓને લલચાવવા માટે ખાસ ખોરાકની લાલચ આપવી પડે છે.

# અમરાવતી હોસ્પિટલમાં ભીષણ આગ: 3 નવજાત બાળકે જીવ ગુમાવ્યા

**વેન્ટિલેટરમાં** શોર્ટ સર્કિટથી થઈ આ હોનારત

**વાલીઓ**-સિક્યુરિટી ગાર્ડ્સે જીવના જોખમે 36 બાળકોને બહાર કાઢ્યા



અમરાવતી (મહારાષ્ટ્ર), તા. 24 (પીટીઆઈ): મહારાષ્ટ્રના અમરાવતી સ્થિત સરકારી જિલ્લા મહિલા હોસ્પિટલમાં સોમવારે વહેલી સવારે એક અત્યંત હૃદયવિદારક અને દર્દનાક દુર્ઘટના ઘટી હતી. હોસ્પિટલના નવજાત શિશુ સંભાળ એકમ (NICU)માં તબીબી ઉપકરણમાં શોર્ટ સર્કિટ બાદ ભીષણ આગ ફાટી નીકળતા 3 નવજાત શિશુઓના દર્દનાક મોત નીપજ્યા છે, જ્યારે 36 અન્ય શિશુઓને સુરક્ષિત બહાર કાઢી લેવાયા હતા.

પોલીસ કમિશનર રાકેશ ઓલાના જણાવ્યા મુજબ, ગંભીર સ્થિતિ ધરાવતા અને અધૂરા મહિને જન્મેલા બાળકો માટેના આઉટબોર્ન NICU વિભાગમાં વહેલી સવારે આશરે 3:15 વાગ્યે એક વેન્ટિલેટરમાં અચાનક આગ લાગી હતી. આગ ક્ષણવારમાં સમગ્ર વોર્ડમાં ફેલાઈ ગઈ હતી. બનાવ સમયે NICUના ત્રણેય વિભાગોમાં કુલ 39 શિશુઓ દાખલ હતા. ઘટનાની જાણ થતાં જ વાલીઓ અને સ્વજનોના ટોળાં હોસ્પિટલ પરિસરમાં ઉમટી પડ્યા હતા અને રુદન સાથે વાતાવરણ ગમગીન બની ગયું હતું. બચાવાયેલા શિશુઓમાંથી 6ને વધુ સારવાર માટે સુપર સ્પેશિયાલિટી અને ડિવિઝનલ રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા છે, જ્યાં એક બાળકની હાલત નાજુક દર્શાવાઈ છે.

એક બાળક બચ્યું તેના પિતાએ જણાવ્યું કે, આગ લાગ્યા બાદ હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ્સ અને નર્સો ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બાળકોને સુરક્ષિત બહાર કાઢવામાં મદદ કરી હતી.

મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી અને અમરાવતીના પાલક મંત્રી ચંદ્રશેખર બાવનકુળેએ ઘટના પ્રત્યે ઊંડું દુઃખ વ્યક્ત કરીને આ સમગ્ર દુર્ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે.

એનસીપી (એસપી)ના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખે આ બેદરકારી માટે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની અને રાજ્યભરની હોસ્પિટલોમાં ત્વરિત ફાયર તથા ઈલેક્ટ્રિકલ ઓડિટ કરવાની માગ કરી છે. દેશમુખે આરોપ લગાવ્યો કે, વર્ષ 2021માં ભંડારા હોસ્પિટલની આગમાં 10 બાળકોનાં મોત બાદ કમિટીએ જે ભલામણો કરી હતી, તેનો હજુ સુધી અમલ કરવામાં આવ્યો નથી.

ઘટનાસ્થળે પહોંચેલા કોંગ્રેસ નેતા યશોમતી ઠાકુરે તંત્રના વેન્ટિલેટર બ્લાસ્ટના દાવા પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે નોંધ્યું કે આ હોસ્પિટલમાં અગાઉ પણ આગ લાગવાની આવી ઘટના બની ચૂકી છે, તેથી ઈલેક્ટ્રિકલ કનેક્શનની સેફ્ટી અને ઉપકરણો આપનારા સપ્લાયર્સની જવાબદારી નક્કી થવી જોઈએ.

## બે નર્સોએ જોખમ ઉપાડી બાળકોને બચાવ્યા

ડ્યુટી પર હાજર બે નર્સોએ જણાવ્યું કે, જ્યારે વેન્ટિલેટર બળી રહ્યું હતું ત્યારે જ અમે બાળકોને બહાર કાઢ્યા. તે ક્ષણ વર્ણવી શકાય તેમ નથી, અત્યંત ભયાનક દ્રશ્ય હતું. બાળકો તેની બાજુમાં જ સળગી રહ્યા હતા; અમે તેમને બચાવ્યા, ઇન્ક્યુબેટર બહાર ખેંચ્યું અને તેમને શિફ્ટ કર્યા. આઉટબોર્ન વિભાગના તમામ 9 બાળકો બહાર ન આવ્યા ત્યાં સુધી તેઓ સતત કામ કરતા રહ્યા હતા.

## ફાયર સેફ્ટી એલાર્મ વાગ્યું જ નહીં, વોટર સ્પ્રિંકલર પણ બંધ રહ્યા

આગની આ ભયાનક હોનારતમાં હોસ્પિટલ તંત્રની મોટી બેદરકારી સામે આવી છે. પીડિત વાલીઓ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, જ્યારે NICU વોર્ડમાં અચાનક આગ ફાટી નીકળી ત્યારે હોસ્પિટલનું ફાયર સેફ્ટી એલાર્મ વાગ્યું જ નહોતું અને છત પર લાગેલા વોટર સ્પ્રિંકલર (પાણીના છંટકાવની સિસ્ટમ) પણ બંધ રહ્યા હતા. સિસ્ટમ નિષ્ફળ જતાં ગંભીર શિશુઓ માટેનો આ વોર્ડ એક ક્ષણમાં મરણિયા છટકબારી સમાન બની ગયો હતો. માત્ર પાંચ દિવસના પુત્રને ગુમાવનાર પ્રફુલ ચોપડેએ આક્રોશ સાથે જણાવ્યું કે, તંત્રની ઘોર નિષ્ક્રિયતાને કારણે તેમણે પોતાનું બાળક ગુમાવ્યું છે. તેમની પત્ની તો બાળકના જન્મ પછી તેને સરખી રીતે જોઈ પણ શકી નહોતી. અન્ય એક પિતા સ્વપ્નિલ બાર્ગેએ જણાવ્યું કે, વહેલી સવારે રાડારાડ થતાં તેઓ પોતાના એક દિવસના શિશુને શોધતા રહ્યા, પરંતુ કલાકો પછી તેમને બાળકના મોત સમાચાર મળ્યા. પ્રત્યક્ષદર્શી યોગેશ સાવરકરે જણાવ્યું કે, તેઓ બહાર સૂતા હતા ત્યારે ધુમાડો જોઈને પ્રથમ માળે દોડી ગયા હતા. બાળકોની ઉપર આગની જ્વાળાઓ અને કાળો ધુમાડો હતો, અને કેટલાય નવજાત શિશુઓ પર રાખના કાળા થર પથરાયેલા દેખાતા હતા. હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ્સ, નર્સો અને બહાર રહેલા વાલીઓએ જીવના જોખમે ધુમાડાથી ભરેલા વોર્ડમાં ઘૂસીને શિશુઓને બહાર કાઢ્યા હતા. સ્વજનોએ ગંભીર આરોપ લગાવ્યો છે કે હોસ્પિટલ સ્ટાફે ત્વરિત કદમ ઉઠાવવાને બદલે ફાયર બ્રિગેડની રાહ જોઈ હતી, જેના કારણે આ હોનારત સર્જાઈ.

## ફડણવીસે આપ્યા તપાસના આદેશ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાને હૃદયવિદારક ગણાવીને ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે આગનું ચોક્કસ કારણ જાણવા અને તંત્રની નિષ્ફળતા નક્કી કરવા માટે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રીએ રાજ્યના આરોગ્ય મંત્રી પ્રકાશરાવ આબિટકર અને આરોગ્ય સચિવને સ્થિતિની સમીક્ષા કરવા તાત્કાલિક અમરાવતી પહોંચવા નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત, મૃતક શિશુઓના પરિવારજનોને રૂ. 5 લાખની આર્થિક સહાય આપવાની જાહેરાત કરાઈ છે.

### સરકારી બંગલાઓ પર કરોડોનો ખર્ચ: વિપક્ષ આક્રમક

# બંગલા સુધારવાનું બંધ કરો, શાળાઓ સુધારો: CJP

નવી દિલ્હી, તા. 24 (PTI) ગયા નાણાકીય વર્ષમાં કેન્દ્રીય મંત્રીઓના સત્તાવાર નિવાસસ્થાનોની જાળવણી અને સમારકામ પાછળ થયેલા રેકોર્ડ રૂ. 92.35 કરોડના ખર્ચ સામે કોંગ્રેસ, સીજેપી અને આપ દ્વારા આકરી ટીકા કરવામાં આવી છે. આ પાર્ટીઓએ મોંઘવારી, બેરોજગારી અને વધુ સરકારી શાળાઓની જરૂરિયાત વચ્ચે કેન્દ્ર સરકારની ખર્ચ કરવાની પ્રાથમિકતાઓ પર સવાલો ઉઠાવ્યા છે.

આમ આદમી પાર્ટીએ (આપ) દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાનના ખર્ચ અંગે ભાજપ દ્વારા સતત કરવામાં આવતી ટીકા સામે આ ખર્ચને સરખાવ્યો હતો.

કોકરોચ જનતા પાર્ટીએ (સીજેપી) મંત્રીઓના કબજા હેઠળના સંસ્થાનવાદી સમયના બંગલાઓ પર વધી રહેલા ખર્ચ અંગેના પીટીઆઈના અહેવાલ પર પ્રતિક્રિયા આપતાં એક્સ પર આ મુજબ લખ્યું હતું કે, "તમારા ભવ્ય બંગલા સુધારવાનું બંધ કરો અને શાળાઓ સુધારો!"

સીજેપીની પોસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, "રૂ. 92 કરોડ = 10 નવી વર્લ્ડ-ક્લાસ સરકારી શાળાઓ. પૈસા ઉપલબ્ધ છે, પરંતુ સરકારી શાળાઓ માટે તેનો ઉપયોગ કરવાનો ઈરાદો ગાયબ છે." મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતની 'કોકરોચ' ટિપ્પણીના વિરોધમાં મે મહિનામાં અભિજિત દીપકે એક વ્યંગાત્મક પ્રતિભાવ તરીકે સ્થાપેલી સીજેપી, ત્યારથી બેરોજગારી અને પરીક્ષામાં અનિયમિતતાઓ જેવા મુદ્દાઓ પર કેન્દ્રિત એક વ્યાપક યુવા આંદોલન તરીકે ઊભરી આવી છે. તેમનું તાજેતરનું અભિયાન સરકારી શાળાઓની સ્થિતિ પર કેન્દ્રિત છે.

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાતે મંત્રીઓ માટેના સરકારી બંગલાના સમારકામ અને ફર્નિચર પાછળ કરવામાં આવેલા અતિશય ખર્ચની ટીકા કરી હતી.

# મુંબઈમાં ગણેશજીની યાત્રા પર ઈંડા ફેંકાયા



મુંબઈ, તા. 24 (પીટીઆઈ) દક્ષિણ મુંબઈના મઝગાંવ વિસ્તારમાં ગણેશજીની મૂર્તિને પંડાલ સુધી લઈ જતી આગમન યાત્રા પર અજ્ઞાત વ્યક્તિઓએ કથિત રીતે ઈંડાં ફેંક્યાં હતાં, જેના કારણે શાંતિ જાળવી રાખવા માટે પોલીસે તે વિસ્તારમાં બંદોબસ્ત વધારી દીધો છે. એમ સોમવારે એક અધિકારીએ જણાવ્યું હતું. રવિવારે રાત્રે બનેલી આ ઘટના અંગે ભાયખલા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ 299 (ધાર્મિક ભાવનાઓને દુભાવવાના હેતુથી કરવામાં આવેલા સહેતુક અને મલિન કૃત્યો) અને 196 (અલગ-અલગ જૂથો વચ્ચે વૈમનસ્યને પ્રોત્સાહન આપવું) હેઠળ એફઆઈઆર નોંધી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, 'મઝગાંવચા મોર્યા ગણેશોત્સવ મંડળ'ની ગણેશ મૂર્તિને જ્યારે પંડાલ તરફ લઈ જવામાં આવી રહી હતી ત્યારે કોન્ટિનેન્ટલ હાઈટ્સ બિલ્ડિંગમાંથી આગમન યાત્રા પર કથિત રીતે ઈંડાં ફેંકવામાં આવ્યાં હતાં. એક ઈંડું કથિત રીતે મૂર્તિ પર પડ્યું હતું, જેનાથી યાત્રામાં સામેલ લોકો ગુસ્સે થયા હતા અને પોલીસ હસ્તક્ષેપ કરે તે પહેલાં તેઓ હાઈ-રાઈઝ બિલ્ડિંગ બહાર થોડો સમય એકઠા થઈ ગયા હતા.

વિસ્તારમાં તણાવ વ્યાપી ગયો હતો, પરંતુ ભારે પોલીસ બંદોબસ્ત અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ જયંત મીણાના હસ્તક્ષેપ બાદ પરિસ્થિતિ કાબૂમાં આવી હતી. આ કેસમાં હજી સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને આગળની તપાસ ચાલુ છે.

# ન્યૂઝીલેન્ડમાં પણ 16 વર્ષથી નીચેના માટે સોશિયલ મીડિયા બંધ થશે

**16 વર્ષથી** ઓછી ઉંમરના બાળકોને ઈન્સ્ટાગ્રામ, ટીકટોક અને ફેસબુકથી દૂર રાખવાની દરખાસ્ત

**નિયમ** નહીં પાળનારી ટેક કંપનીઓ પર વૈશ્વિક આવકના 10% સુધી દંડ

વેલિંગ્ટન, તા. 24 (એપી): ન્યૂઝીલેન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સને 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયા ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા માટે કાયદો લાવવાની દરખાસ્ત કરી છે. લક્સને કહ્યું કે સોશિયલ મીડિયા યુવાનોની એક પેઢીને નુકસાન પહોંચાડી રહ્યું છે. જોકે, પ્રસ્તાવને કાયદો બનવા માટે જરૂરી સમર્થન મળતું નથી, કારણ કે સરકારમાં સામેલ ACT અને NZ First બંને પક્ષો તેનો વિરોધ કરી રહ્યા છે. વિપક્ષી લેબર પાર્ટીએ હજુ પોતાનું વલણ નક્કી કર્યું નથી.

લક્સને કહ્યું કે 2025ના સંશોધન મુજબ ન્યૂઝીલેન્ડના એક તૃતીયાંશ કિશોરો દરરોજ ઓછામાં ઓછા પાંચ કલાક સોશિયલ મીડિયા પર વિતાવે છે. તેમના જણાવ્યા મુજબ સોશિયલ મીડિયા હાનિકારક કન્ટેન્ટ, વ્યસનકારક ટેક્નોલોજી અને એવા દબાણો સામે બાળકોને મૂકે છે, જેનો સામનો કરવા તેઓ હજુ તૈયાર નથી. તેની અસર પરિવાર, માનસિક સ્વાસ્થ્ય, ઊંઘ અને શિક્ષણ પર પડી રહી છે.

દરખાસ્ત હેઠળ ઈન્સ્ટાગ્રામ, ટીકટોક, સ્નેપચેટ અને ફેસબુક જેવી કંપનીઓએ 16 વર્ષથી વધુ ઉંમરના યુઝર્સની ચકાસણી માટે યોગ્ય પગલાં લેવા પડશે. તેમાં ડિજિટલ આઈડી, સરકારી ઓળખપત્ર અથવા ફેશિયલ એજ એસ્ટિમેશનનો ઉપયોગ થઈ શકે છે. વોટ્સએપ, રોબલોક્સ અને ચેટજીપીટી જેવી એપ્સને આ કાયદામાંથી બાકાત રાખવામાં આવશે. નિયમોનું પાલન નહીં કરનારી ટેક કંપનીઓ પર વૈશ્વિક આવકના 10 ટકા સુધીનો દંડ થઈ શકે છે.

## પેજ 3

### ગોવિંદા સાથે ડિવોર્સની ચર્ચાઓ વચ્ચે પત્ની સુનીતાએ ખાટૂ શ્યામ મંદિરે કર્યા દર્શન



મુંબઈ, તા. 24: બોલિવૂડ અભિનેતા ગોવિંદા અને તેમનાં પત્ની સુનીતા આહુજા વચ્ચે છૂટાછેડાની અફવાઓ વચ્ચે સુનીતા તાજેતરમાં ખાટૂ શ્યામ મંદિરે પૂજા અર્ચના કરતી જોવા મળી હતી. એક વીડિયોમાં જોવા મળે છે કે સુનીતા હાથ જોડીને ભગવાનની મૂર્તિ સામે પ્રાર્થના કરી રહી છે.

આ પહેલાં મુંબઈની ફેમિલી કોર્ટ બહાર પુત્ર યશવર્ધન સાથેનો તેમનો વીડિયો વાયરલ થયા બાદ છુટાછેડાની અફવાઓએ જોર પકડ્યું હતું. જોકે, ગોવિંદાના મેનેજર શશી સિન્હાએ આ અફવાઓને ફગાવતા સ્પષ્ટ કર્યું છે કે ડિવોર્સની અરજી પાછી ખેંચી લેવામાં આવી છે અને હવે બંને વચ્ચે બધું ઠીક છે. બીજી તરફ શનિવારે જુહૂ હોસ્પિટલ બહાર જોવા મળેલા ગોવિંદાએ પોતાની તબિયત સારી હોવાનું જણાવ્યું હતું. રાખી સાવંત સાથેની વાતચીતમાં સુનીતાએ પણ સ્વીકાર્યું હતું કે તેમણે ડિવોર્સ કેસ પાછો ખેંચી લીધો છે.

### ગોવિંદા-સુનીતાએ ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કર્યા



મુંબઈ, તા. 24: ગોવિંદા અને તેમની પત્ની સુનીતા આહુજાના સંબંધોને લઈને એકવાર ફરી ચર્ચા તેજ થઈ ગઈ છે. બંનેએ ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. આ ફેરફાર એવા સમયે થયો છે, જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી બંનેના સંબંધોમાં અણબનાવ અને છૂટાછેડાના સમાચાર ખૂબ ચર્ચામાં રહ્યા હતા. બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા ગોવિંદા અને તેમની પત્ની સુનીતા આહુજા એકવાર ફરી પોતાના સંબંધોને લઈને ચર્ચામાં છે. બંનેએ ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. સોશિયલ મીડિયા પર સામે આવેલો આ ફેરફાર એટલા માટે પણ ખાસ માનવામાં આવી રહ્યો છે કારણ કે, છેલ્લા કેટલાક સમયથી બંનેના સંબંધોને લઈને સતત સમાચારો સામે આવી રહ્યા છે.

### રિતેશ દેશમુખે પેપરાઝી પાસેથી પૈસા ઉધાર લીધા



મુંબઈ, તા. 24 : એક્ટર રિતેશ દેશમુખ પૈસા ઉધાર આપનાર પેપરાઝીને સોશિયલ મીડિયાની મદદથી શોધી રહ્યો છે. હકીકતમાં રવિવારે મુંબઈના એક રેસ્ટોરન્ટ બહાર કેટલાક બાળકોએ તેમની પાસે મદદ માંગી, પરંતુ તે સમયે રિતેશ પાસે રોકડા પૈસા નહોતા. આ દરમિયાન ત્યાં હાજર એક પેપરાઝી એ રિતેશ તરફથી તે બાળકોને પૈસા આપી દીધા. હવે રિતેશ તે ફોટોગ્રાફરનું ઉધાર ચૂકવવા માંગે છે. આ માટે તેમણે ઇન્સ્ટાગ્રામ પર તે ફોટોગ્રાફરની તસવીર શેર કરીને લોકો પાસે તેનો કોન્ટેક્ટ નંબર શોધવાની અપીલ કરી છે. રવિવારે રિતેશ દેશમુખ પોતાની પત્ની જેનિલિયા ડિસોઝા સાથે મુંબઈના એક રેસ્ટોરન્ટમાં પહોંચ્યો હતા. રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળતાં જ પેપરાઝી તેમની તસવીરો ક્લિક કરવા લાગ્યા હતા.

# મોસ્કોમાં જયશંકર-પુતિન મુલાકાત, દ્વિપક્ષીય વેપાર વધારવા ચર્ચા

**ખાતર** પુરવઠો વધારવા રશિયા તૈયાર, બંને દેશો વચ્ચેનો વેપાર 60 બિલિયન ડોલરને પાર

**બ્રિક્સ** સંમેલનમાં ભાગ લેવા પુતિન ભારતની મુલાકાત લેશે તેવી અપેક્ષા

**વેપાર** ખાધ ઘટાડવા ભારતનો ભાર, 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપાર 100 બિલિયન ડોલર કરવાનો લક્ષ્યાંક



મોસ્કો, તા. 24 (પીટીઆઈ): વિદેશમંત્રી એસ. જયશંકરે સોમવારે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મોસ્કોમાં મુલાકાત કરી હતી. બંને નેતાઓએ વેપાર, ઊર્જા, ખાતર અને પરમાણુ સહયોગ સહિત ભારત-રશિયા વચ્ચેના આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી.

જયશંકર રવિવારે બે દિવસની રશિયા મુલાકાતે મોસ્કો પહોંચ્યા હતા. પુતિન આગામી મહિને નવી દિલ્હીમાં યોજાનારી BRICS સમિટ માટે ભારતની મુલાકાતે આવે એવી અપેક્ષા છે તે પહેલાં જયશંકરની આ મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

પુતિને કહ્યું કે રશિયા ભારતને ખાતરનો પુરવઠો વધારી રહ્યું છે અને ભારતીય ખેડૂતોની જરૂરિયાતો પૂરી કરવા માટે આગળ પણ પુરવઠો ચાલુ રાખવા તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું કે ગયા વર્ષે થોડો ઘટાડો થયા બાદ આ વર્ષે બંને દેશો વચ્ચેનો વેપાર ફરી વધ્યો છે.

જયશંકરે જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં બંને દેશો વચ્ચેનો માલસામાનનો વેપાર ચાર ગણો વધીને 2021-22માં આશરે 13 બિલિયન ડોલરથી 2025-26માં લગભગ 60 બિલિયન ડોલર થયો છે. જોકે, આ સાથે વેપાર ખાધ પણ વધીને 50 બિલિયન ડોલરથી વધુ થઈ છે. તેમણે કહ્યું કે આ અસંતુલન દૂર કરવું ભારતની મુખ્ય પ્રાથમિકતાઓમાંનું એક છે. 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને 100 બિલિયન ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે.

જયશંકરે પુતિનને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો સંદેશો પહોંચાડ્યો અને આગામી SCO સમિટમાં બંને નેતાઓની મુલાકાત તથા બ્રિક્સ શિખર સંમેલનમાં તેમનું સ્વાગત કરવા મોદી આતુર છે તે અંગે પણ વાત કરી. 2026ની SCO સમિટ 31 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર દરમિયાન કિર્ગિસ્તાનમાં અને બ્રિક્સ શિખર સંમેલન 12-13 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાશે.

# કાશ્મીરી પંડિત કર્મચારીઓને ફરી ધમકી, સુરક્ષા વધારવાની માગ

**દાયકાઓમાં** પહેલીવાર ધમકીભર્યા પોસ્ટરમાં નામ, સરનામા અને વાહન નંબર જેવી વ્યક્તિગત વિગતોનો ઉલ્લેખ

શ્રીનગર, તા. 24: જમ્મુ-કાશ્મીરમાં ફરી એકવાર કાશ્મીરી પંડિત કર્મચારીઓને ધમકી આપતું પોસ્ટર સોશિયલ મીડિયા પર સામે આવ્યા બાદ વડા પ્રધાનના પુનર્વસન પેકેજ હેઠળ ભરતી થયેલા કર્મચારીઓએ સુરક્ષા વધારવાની માગ કરી છે. ઓલ પીએમ પેકેજ એમ્પ્લોઇઝ ફોરમે સોમવારે જમ્મુ-કાશ્મીરના મુખ્ય સચિવ અતુલ દુલ્લૂને પત્ર લખીને કર્મચારીઓના કાર્યસ્થળ, રહેઠાણ અને અવરજવરના માર્ગો પર સુરક્ષાની સમીક્ષા કરવાની માગ કરી હતી. પત્રમાં જણાવાયું છે કે 23 ઓગસ્ટ, 2026ની તારીખ ધરાવતું અને યુનાઈટેડ લિબરેશન કાઉન્સિલ (ULC) નામના આતંકવાદી સંગઠન દ્વારા જાહેર કરાયું હોવાનું કહેવાતું નવું ધમકીભર્યું પોસ્ટર સોશિયલ મીડિયા પર સામે આવ્યું છે. તેમાં કાશ્મીરી પંડિત કર્મચારીઓને નિશાન બનાવવાની સાથે કેટલાક લોકોના નામ, સરનામા અને વાહન નંબર જેવી વ્યક્તિગત વિગતો પણ આપવામાં આવી હોવાનો દાવો છે. દાયકાઓમાં પહેલીવાર ધમકીભર્યા પત્રોમાં કાશ્મીરી પંડિત કર્મચારીઓની વ્યક્તિગત વિગતો, જેમાં ઘરનો નંબર અને શેરીનું નામ પણ સામેલ છે, જાહેર કરાઈ છે. ફોરમે કહ્યું કે આવી ધમકીભરી ચિઠ્ઠીઓ અને પોસ્ટરો વારંવાર સામે આવવા, ખાસ કરીને તેમાં સંવેદનશીલ વ્યક્તિગત માહિતી હોવી, ગંભીર ચિંતાનો વિષય છે. આ મામલો પોલીસ અને સુરક્ષા એજન્સીઓના ધ્યાન પર લાવવામાં આવ્યો હોવાનું પણ પત્રમાં જણાવાયું છે.કર્મચારીઓએ ધમકીભર્યા પોસ્ટરની તાત્કાલિક અને સંપૂર્ણ તપાસ કરી તેને જાહેર કરનારાઓની ઓળખ કરવાની માગ કરી છે. નામ, સરનામું અથવા વાહનની વિગતો ધરાવતા કર્મચારીઓને તાત્કાલિક સુરક્ષા આપવા પણ અપીલ કરાઈ છે. કર્મચારીઓ અને તેમના પરિવારોમાં આ ધમકીઓથી "ગંભીર ભય અને અસુરક્ષાની લાગણી" ફેલાઈ હોવાનું ફોરમે જણાવ્યું છે.

# પટના એરપોર્ટ પર એર ઈન્ડિયા પ્લેન સાથે પક્ષી અથડાયું

પટના, તા. 24 (PTI) દિલ્હીથી આવેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ સોમવારે સવારે પટના એરપોર્ટ પર લેન્ડિંગ વખતે પક્ષી સાથે અથડાઈ હતી, જેને પગલે અધિકારીઓએ રનવેનું નિરીક્ષણ કર્યું હતું. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. 164 મુસાફરો સાથેની દિલ્હી-પટના ફ્લાઈટ લેન્ડ થવાની જ હતી ત્યારે સવારે 7:44 વાગ્યે આ ઘટના બની હતી. એરપોર્ટના અધિકારીએ જણાવ્યું હતું કે, "એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ 1741ના પાઈલટે પક્ષી અથડાયાની આશંકા વ્યક્ત કરી હતી. પ્લેન લેન્ડ થયા પછી અધિકારીઓએ રનવેની તપાસ કરી હતી." "આ ઘટનાને કારણે એરપોર્ટ પર ફ્લાઈટ કામગીરીમાં કોઈ વિક્ષેપ પડ્યો ન હતો. તમામ મુસાફરો સુરક્ષિત છે," અધિકારીએ જણાવ્યું હતું કે, પક્ષીઓ અથડાવાની ઘટનાઓ અસામાન્ય નથી.